ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**ચંદ્રિકાબેન રાવલ**
ખજાનચી, સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ (૨૩-૮-૧૯૫૬)



**ગિરીશભાઈ કે શાહ**
(૨૩-૮-૧૯૪૩)
મો. ૭૭૭૮૮ ૨૩૯૩૬

### રૉટરી ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા

# વરિષ્ટ નાગરિકો માટે સૅકન્ડ ઈનીંગ્સ નામે એક દિવસીય વિશિષ્ટ કાર્યક્રમ

## અવસર આનંદની અનુભૂતિનો : જાણીતા સાહિત્યકારોના વાર્તાલાપ, હાસ્યકવિતા અને નાટ્યપ્રયોગનું પણ આયોજન

ગાંધીનગર, તા. ૨૨

નગરમાં વસતા વયસ્ક નાગરિકો માટે રૉટરી ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા સૅકન્ડ ઈનીંગ્સ નામે એક દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

સૅકન્ડ ઈનીંગ્સ-૨૦૧૫ : અવસર આનંદની અનુભૂતિનો નામક આ કાર્યક્રમમાં ૬૦ વર્ષથી વધુ વયના વયસ્ક નાગરિકો ભાગ લઈ શકશે. કાર્યક્રમ આગામી તા. ૩૦ ઑગષ્ટ ને રવિવારના રોજ ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજવામાં આવ્યો છે, જેમાં સવારે ૮.૩૦થી ૯.૩૦ દરમ્યાન રજિસ્ટ્રેશન અને અલ્પાહાર તથા ૯થી ૯.૩૦ દરમ્યાન સમાંતર પ્રવૃત્તિઓ યોજાશે.

૯.૪૫ થી ૧૦.૦૦ દરમ્યાન દીપ પ્રાગટ્ય અને ઉદ્ઘાટન સમારોહ યોજવામાં આવશે. ૧૦થી ૧૦.૪૦ દરમ્યાન બી ઍન દસ્તૂર 'એકબીજાને ગમતા રહીએ' વિષયે વક્તવ્ય આપશે, ૧૦.૪૦થી ૧૧ દરમ્યાન મુસાફિર પાલનપુરી 'કેવો લાગ્યો જીવનફેરો' વિષયે હાસ્યકવિતાઓ સંભળાવશે, ૧૧થી ૧૧.૪૦ દરમ્યાન ભાગ્યેશ જહા 'અનુભવના અજવાળે' વિષયે વક્તવ્ય આપશે, ૧૧.૪૦થી ૧૨.૧૦ દરમ્યાન અચલ ત્રિવેદી અને ગૃપ દ્વારા 'જલસાનું જીવન' નામે નાટ્યપ્રયોગ, ૧૨.૧૦થી ૧.૩૦ દરમ્યાન સમાંતર પ્રવૃત્તિઓ યોજાશે.

૧.૩૦થી ૨.૪૫ દરમ્યાન હિમાંશુ બુચ 'ચાલો નવેસરથી શરૂ કરીએ નવી જિંદગી' વિષયે વક્તવ્ય આપશે તથા ૩.૪૫થી ૪ દરમ્યાન શરદભાઈ શાહ 'મારું જીવન અંજલિ થાજો' વિષયે વડિલો સાથે વાર્તાલાપ યોજશે. ૪થી ૪.૪૫ દરમ્યાન રતિલાલ બોરીસાગર 'હાસ્ય-પ્રભુનું એક વરદાન' વિષયે વક્તવ્ય આપશે તથા સાંજે ૪.૪૫થી ૫.૩૦ દરમ્યાન સમાંતર પ્રવૃત્તિઓ અને સમાપન કાર્યક્રમ યોજાશે.

# કન્યાશાળાની વિદ્યાર્થીનીઓ ઔદ્યોગિક સાહસોની મુલાકાતે



ગાંધીનગર, તા. ૨૨

અદાણી ગૃપના સહયોગથી મુન્દ્રા ઔદ્યોગિક સાહસનો શૈક્ષણિક પ્રવાસ નિઃશુલ્ક રીતે યોજવામાં આવ્યો હતો. આર જી પટેલ કન્યા માધ્યમિક શાળા અને ઍસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળાની ૭૬ જેટલી વિદ્યાર્થીનીઓ આ પ્રવાસમાં જોડાઈ હતી.

વિદેશવેપાર માટે આયાત-નિકાસના કેન્દ્ર સમા અદાણી પૉર્ટ ઉપરાંત, સિંગાપુરની કંપની વિલ્માર્ટ, ફોર્ચ્યુન રિફાઈનરી, અદાણી કન્ટેનર ટર્મિનલ, અદાણી વેસ્ટપૉર્ટ તથા અદાણી પાવર પ્લાન્ટની પણ મુલાકાત વિદ્યાર્થીનીઓએ આ પ્રવાસ દરમ્યાન લીધી હતી તથા દરેક ઔદ્યોગિક એકમની વિવિધ કામગીરી અંગે વિશદ માહિતી પ્રાપ્ત કરી હતી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
ઑલ ઈઝ વૅલ
૬.૪૫, ૧૦.૧૫
**સ્ક્રીન-૨**
ઑલ ઈઝ વૅલ
૧૨.૪૫, ૩.૩૦
માંઝી
૭.૦૦
બ્રધર્સ
૧૦.૦૦
**સ્ક્રીન-૩**
ફેન્ટાસ્ટીક ફોર (હિન્દી)
૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૧૫
ફેન્ટાસ્ટીક ફોર (અંગ્રેજી)
૩.૦૦, ૮.૦૦
**સ્ક્રીન-૪**
દ્રશ્યમ
૧.૦૦, ૧૦.૦૦
માંઝી
સવારે ૧૦.૦૦
બ્રધર્સ
૩.૪૫
**સ્ક્રીન-૫**
ઑલ ઈઝ વૅલ
સવારે ૧૦.૦૦
બ્રધર્સ
૧૨.૩૦, ૬.૪૫
માંઝી
૪.૦૦, ૧૦.૦૦

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
ઑલ ઈઝ વૅલ
સવારે ૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૫.૧૫, ૮.૦૦, ૧૦.૪૫
**સ્ક્રીન-૨**
માંઝી : ધ માઉન્ટેન મૅન
સવારે ૧૦.૦૦, ૨.૫૫, ૭.૫૦
ફૅન્ટાસ્ટીક ફોર (હિન્દી
૧૨.૪૦, ૫.૩૫, ૧૦.૩૦
**સ્ક્રીન-૩**
ફૅન્ટાસ્ટીક ફોર (હિન્દી)
સવારે ૯.૪૫
બજરંગી ભાઈજાન
૧૨.૦૦
દ્રશ્યમ
૩.૧૦, ૯.૫૦
બાહુબલિ
૬.૩૦
**સ્ક્રીન-૪**
બ્રધર્સ
૯.૩૦, ૪.૦૦, ૧૦.૦૦
મિશન ઈમ્પોસિબલ (હિન્દી)
૧૨.૪૫, ૭.૧૫

### ટાટા નિબંધ સ્પર્ધામાં ચૌધરી કન્યા વિદ્યાલય ઝળકી

ગાંધીનગર, તા. ૨૨

શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ગ્રાન્ટેડ વિભાગમાં આચાર્યા સંતોકબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ ટાટા નિબંધ સ્પર્ધા યોજાઈ હતી, જેમાં ૧૦૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

'સ્વચ્છતા અભિયાન' વિષયે આ નિબંધ સ્પર્ધામાં વિજેતા નીવડેલી પ્રથમ ત્રણ ક્રમની વિદ્યાર્થીનીઓને ગોલ્ડ, સિલ્વર, બ્રૉન્ઝ મૅડલ ટાટા કંપની તરફથી એનાયત કરવામાં આવ્યો હતો. પ્રથમ ક્રમે રિદ્ધિ પી વાઘેલા, દ્વિતિય ક્રમે સોનલ ચૌધરી તથા તૃતિય ક્રમે નિરાલી ભટ્ટી વિજેતા બન્યા હતા.

રિદ્ધિ વાઘેલાએ અમદાવાદ જિલ્લાકક્ષાએ પણ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો, જેમાં ૨૦૦ શાળાઓએ ભાગ લીધો હતો. રિદ્ધિને આ સિદ્ધિ બદલ શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# માઉન્ટ કાર્મેલ શાળામાં વૃક્ષારોપણ દિનની ઉજવણી



ગાંધીનગર, તા. ૨૨

સૅક્ટર-૨૧માં સ્થિત માઉન્ટ કાર્મેલ શાળા ખાતે આજે વૃક્ષારોપણ દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ડીઍફઓ કે ટી પરમાર, રેન્જ ફૉરેસ્ટ ઑફિસર બી ઍન દેસાઈ તથા જિલ્લા પંચાયતનાં પ્રમુખ હિનાબેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં, જેમણે વિદ્યાર્થીઓને જીવનમાં વૃક્ષોના મહત્ત્વ વિશે સમજ આપી હતી. શાળામાં ચાલતી ઈકો ક્લબ દ્વારા યોજાયેલી પારિવારિક ચિત્ર સ્પર્ધામાં વિજેતા નીવડેલા વિદ્યાર્થીઓને આ પ્રસંગે અતિથિઓના હસ્તે ઈનામો પણ એનાયત કરવામાં આવ્યાં હતાં.

એ પછી વિદ્યાર્થીઓ સંગે મહેમાનોએ પણ વૃક્ષારોપણ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન ઈકો ક્લબનાં ઈન-ચાર્જ શિક્ષિકા હેમાંગિની દીપાંકર તથા ઉન્નતિ પટેલ દ્વારા આચાર્ય સિસ્ટર રેણુકાના માર્ગદર્શન હેઠળ સંપન્ન કરવામાં આવ્યું હતું.

# ફોટોગ્રાફર્સ માટે સોમવારે નિઃશુલ્ક ફોટોગ્રાફી વર્કશૉપ

ગાંધીનગર, તા. ૨૨

પ્રૉફેશનલ ફોટોગ્રાફર ગૃપ, ગાંધીનગર દ્વારા વિડીયો-ફોટોગ્રાફર ઍસોસિએશન, ગુજરાતના સહયોગથી ગાંધીનગરના ફોટોગ્રાફર મિત્રો માટે તા. ૨૪ ઑગષ્ટ ને સોમવારના રોજ બપોરે ૧થી ૫ દરમ્યાન નિઃશુલ્ક ફોટોગ્રાફી વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સ્ટુડિયો લાઈટ તેમજ ફ્લૅશ લાઈટ વડે વેડિંગ ફોટોગ્રાફી અંગે નિષ્ણાત ફૅકલ્ટી દ્વારા માર્ગદર્શન અપાશે તથા નવા ડિઝાઈનીંગ આલ્બમનું નિદર્શન કરવામાં આવશે.

વર્કશૉપમાં ભાગ લેવા માટે રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. આ માટે નિલેશ પુજારા-૯૮૨૪૨ ૬૦૨૮૬, રાકેશ ભટ્ટ-૯૮૭૯૫ ૩૧૯૪૪, શેખર ગદાણી-૯૮૨૫૧ ૮૪૦૪૦ અથવા હિરેન રાવલ - ૯૮૨૪૨ ૪૮૦૦૧નો સંપર્ક કરવો.

# ગુરુકુળ, ગાંધીનગરના પૂર્વ વિદ્યાર્થી સ્નેહમિલન કાર્યક્રમના પાસ મેળવવા અંગે

## અમદાવાદ તથા ગાંધીનગર ખાતેથી ગુરુકુલના કોઈપણ પૂર્વ વિદ્યાર્થી પાસ મેળવી શકશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર ખાતે કાર્યરત શ્રી સ્વામિનારાયણ શિશુ વિદ્યાલય, હાઈસ્કૂલ અને હાયર સૅકન્ડરી સ્કૂલના પૂર્વ વિદ્યાર્થીઓના આગામી તા. ૬ સપ્ટેમ્બરના રોજ આયોજિત સ્નેહમિલન કાર્યક્રમ માટેના પાસ તૈયાર થઈ ચૂક્યા છે અને તેમનું વિતરણ પણ કરવામાં આવી રહ્યું છે. એ ઉપરાંત ગુરુકુળના કોઈપણ પૂર્વ વિદ્યાર્થી કાર્યક્રમમાં સામેલ થવા માંગતા હોય તો તેઓ પણ પાસ મેળવીને કાર્યક્રમમાં સામેલ થઈ શકે છે એવું આયોજકો દ્વારા જણાવવામાં આવ્યું છે. કાર્યક્રમમાં પ્રવેશ હેતુ આ પ્રવેશ પાસ નીચે જણાવ્યા પૈકીના કોઈપણ વ્યક્તિનો સંપર્ક કરીને મેળવી શકાય છે.

ગાંધીનગર : (૧) કિશોર માતરીયા, ઍડમિન વિભાગ, ગુરુકુલ, સૅક્ટર-૨૩, (૨) સંદીપ વખારિયા, વાડીલાલ પાર્લર, ઘ-૫ પાસે, સૅક્ટર-૨૩, (૩) દેવાંગ પટેલ, ગાયત્રી હૉસ્પિટલ મૅડિકલ સ્ટોર, ઘ-૨ પાસે, સૅક્ટર-૬.

અમદાવાદ : (૧) રોનક બ્રહ્મભટ્ટ, ફોન : ૨૬૩૦૭૧૪, સન ફાર્મસી, ૧૭, સિદ્ધિવિનાયક કૉમ્પલેક્સ, શિવરંજની ચાર રસ્તા, (૨) લીનાબેન પટેલ, ૮૪૦૧૯ ૭૩૫૦૭, શ્રીજી કૉર્નર, પાળિયાદ ચાર રસ્તા, નવરંગ સ્કૂલ રોડ, નારણપુરા.

કાર્યક્રમ અંતર્ગત સૅક્ટર-૨૩ ગુરુકુળના સત્સંગ ભવન ખાતે બપોરે બે કલાકથી સાંજના સાત સુધી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની ગોષ્ઠિ ચાલશે, સાંજે ૭ વાગ્યે આરતી અને ત્યારબાદ ૭.૩૦ કલાકે ભોજનની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

### ખડાયતા સમાજનું ગૌરવ



ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા તાજેતરમાં આયોજિત મહિલા શક્તિ ઍવોર્ડ વિતરણ સમારંભમાં ગાંધીનગર શહેરનાં ૪૫ મહિલાઓને શક્તિ ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં, જેમાં ગાંધીનગર ખાતે મોડાસા એકડા દશા ખડાયતા સમાજનાં મહિલા તેમજ સમાજના પૂર્વ મંત્રી ભૂપેન્દ્ર ડી શાહનાં ધર્મપત્ની મીનાબેન શાહને પણ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં, જેને ખડાયતા જ્ઞાતિ પોતાનું ગૌરવ સમજે છે.

# 'માંઝી-ધ માઉન્ટન મેન' : પ્રેમના ઝનૂનથી પહાડ ચીરનાર પ્રેમીની પ્રેરણાદાયી સત્ય ઘટના



ગેહલોરનો દશરથ માંઝી | માંઝીની ભૂમિકામાં નવાઝુદ્દીન





પ્રેમમાં કેટલી તાકાત છે ? પ્રેમના ઝનૂનમાં એક માણસ એકલે હાથે આખે આખા પહાડને ચીરી નાખે છે...!!! દિગ્દર્શક કેતન મહેતાએ 'માંઝી-ધ માઉન્ટન મેન' ફિલ્મમાં દેશના સૌથી પછાત વિસ્તારના પછાત જ્ઞાતિના ગરીબમાં ગરીબ પરિવારના દશરથ માંઝીની રિયલ વાત રજૂ કરી છે.

૧૯૬૦ના સમયની આ વાત છે. બિહાર રાજ્યના ગયા જિલ્લાના ગૅહલોર ગામમાં દશરથ માંઝી શ્રમિક કામ કરીને પેટીયું રળતા હતા. પેટ ભરવા માટે ઉંદર પણ મારીને ખાઈ જતી જાતિના દશરથ માંઝીના લગ્ન ફગુનિયા દેવી સાથે બાળપણમાં જ થઈ ગયા હતા.

ફગુનિયા દેવી પણ નાનું મોટું કામ કરીને પરિવારના ગુજરાનમાં મદદરૂપ થતા. દશરથને પત્ની ફગુનિયા પ્રત્યે અપાર પ્રેમ. ગૅહલોર ગામની બાજુમાં વઝીરગંજ નામનું નાનકડું શહેર. હાટ-બજારથી લઈને દવા-દારૂ માટે પણ ગૅહલોરના ગ્રામજનોએ વઝીરગંજ પરજ આધાર રાખવો પડે. ગૅહલોર અને વઝીરગંજ વચ્ચે આમ તો અંતર સાવ ટુંકુ. પરન્તુ વચ્ચે મોટો પહાડ. ગૅહલોરના ગ્રામજનોએ પહાડ ચઢીને જ વઝીરગંજ જવું પડે, અથવા તો પહાડની પ્રદક્ષિણા કરીને પહોંચવું પડે. એક વખત દશરથ માંઝીની ગર્ભવતી પત્ની ફગુનિયા પહાડ પરથી પટકાય છે... ફગુનિયા દેવીનું અવસાન થાય છે, અને દશરથ માંઝી માટે પહાડ દુશ્મન બની જાય છે. પત્નીની વિદાયથી અત્યંત આઘાત પામેલો દશરથ માંઝી આખે આખા પહાડને માર્ગમાંથી હટાવી દેવાનો પડકાર ફેંકે છે.

પોતાની પત્નીને છીનવી લેનાર પહાડને હટાવવા દશરથ માંઝી એકલો હાથમાં હથોડો અને છીણી લઈને નિકળી પડે છે. આખું ગામ દશરથ માંઝીને પાગલ ગણે છે. આમ છતાં પ્રેમમાં પાગલ દશરથ માંઝી હૃદયમાં પ્રેમની તાકાત સાથે પહાડ ખસેડવા મચી પડે છે. ગૅહલોર ગામનો એકપણ નાગરિક દશરથ માંઝીની પડખે નથી. આમ છતાં કોઈની પણ મદદની અપેક્ષા રાખ્યા વિના સાવ સૂકલકડી દશરથ માંઝી દિલમાં પ્રેમના ઝનૂન સાથે પહાડ સામે બાથ ભીડે છે. પ્રેમનું ઝનૂન એક-બે દિવસ... એક-બે મહિના..કે એક-બે વર્ષ સુધી ટકે એવું દશરથ માંઝીના કિસ્સામાં નથી. પહાડને ન નમાવે ત્યાં સુધી ઝંપીને નહીં બેસવાનું ઝનૂન છે.

ફગુનિયાના પ્રેમના ઝનૂનમાં દશરથ માંઝી પુરા ૨૨ વર્ષ સુધી પહાડ સાથે ઝઝૂમ્યા અને આખરે તેમણે એકલા હાથે પહાડ ચીરીને રસ્તો કર્યો... ગૅહલોરથી સીધાજ વઝીરગંજ સહેલાઈથી પહોંચી શકાય એવો રસ્તો... ભવિષ્યમાં કોઈ પણ દશરથ માંઝીની ફગુનિયાને પહાડ ભરખી ના જાય એવો રસ્તો...!!!

બિહારના ગૅહલોર ગામના દશરથ માંઝીની આ વાર્તા સાવ સાચી છે. પત્ની ફગુનિયાના પ્રેમ ખાતર...ફગુનિયાના આત્માને શાંતિ મળે અને ફગુનિયાના મૃત્યુનો પહાડ સાથે બદલો લેવા દશરથ માંઝીએ ૨૨ વર્ષ સુધી એકલે હાથે પહાડ ચીર્યો. નક્કર પથ્થરના પહાડને ૨૫ ફૂટ ઊંડો ખોદીને ૩૦ ફૂટ પહોળો ૩૬૦ ફૂટ લાંબો રસ્તો કાઢ્યો. વર્ષ ૨૦૦૭ની તારીખ ૧૭મી ઑગસ્ટે દશરથ માંઝીનું નવી દિલ્હીની ઑલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઑફ મૅડિકલ સાયન્સિસ-એઈમ્સ હૉસ્પિટલમાં ગોલ બ્લેડરના કેન્સરને કારણે અવસાન થયું.



માણસ મરી જાય પછીજ તેની કદર કે કિંમત થતી હોય છે. દશરથ માંઝીનું પણ એવું જ થયું. અવસાન પછી દશરથ માંઝીની આ વાત બિહારના છાપાઓમાં છપાઈ. મિડિયાએ અને સમાજે મૃત્યુ પછી માંઝીની નોંધ લીધી. જિંદગીભર સમસ્યા જેવા પહાડ અને પહાડ જેવી સમસ્યાઓ સામે એકલા હાથે લડેલા દશરથ માંઝીને મૃત્યુ પછી આ જ સમાજે હિરો બનાવી દીધા...!!!

દશરથ માંઝી વિશે વર્તમાન પત્રોમાં વિગતવાર વાંચીને રિયાલીસ્ટીક અને ઐતિહાસિક વિષયોમાં વિશેષ રુચિ ધરાવતા દિગ્દર્શક કેતન મહેતાને પણ આ વાર્તામાં રસ પડ્યો. ગૅહલોરની રૂબરૂ મુલાકાત લઈને કેતન મહેતાએ દશરથ માંઝી વિશે વધુ વિગતો ભેગી કરી. વરદરાજ સ્વામિ અને શૈવાલ જેવા સ્થાનિક લેખકો અને પત્રકારોની મદદ લઈને કેતન મહેતાએ દશરથ માંઝીની સત્ય ઘટના પરથી 'માંઝી-ધ માઉન્ટન મેન' ફિલ્મ બનાવી છે.

'માંઝી-ધ માઉન્ટન મેન' માં હિન્દી ફિલ્મોના અત્યારના સમયના સૌથી વધુ લોકપ્રિય કલાકાર નવાઝુદ્દીન સિદ્દીકીએ દશરથ માંઝીની ભૂમિકા ભજવી છે. નવાઝુદ્દીન સિદ્દીકી અદ્ભૂત અભિનેતા છે. 'બજરંગી ભાઈજાન'માં પાકિસ્તાની પત્રકાર ચાંદ નવાબ તરીકે પ્રેક્ષકો પર પોતાનો પ્રભાવ છોડી ગયેલા નવાઝુદ્દીન સિદ્દીકી પોતાના સશક્ત અભિનયથી પ્રેક્ષકોને પોતાની હાજરીની નોંધ લેવાની રીતસર ફરજ પાડે છે. ઉત્તર પ્રદેશના આ અભિનેતાએ નવી દિલ્હીમાં નેશનલ સ્કુલ ઑફ ડ્રામામાં અભ્યાસ કર્યો છે. આમ છતાં સફળતા માટે આ અભિનેતાને પહાડ તોડવા જેટલોજ સંઘર્ષ કરવો પડ્યો છે. ૧૯૯૯માં આમિર ખાનવાળી ફિલ્મ 'સરફરોશ'માં પોલીસ કૉન્સ્ટેબલના સાવ નાનકડા રોલથી નવાઝુદ્દીન સિદ્દીકી એ સંઘર્ષની શરૂઆત કરી. ઘણી ફિલ્મોમાં નાના મોટા રોલ કર્યા પછી વર્ષ ૨૦૧૨માં આવેલી વિદ્યા બાલનવાળી ફિલ્મ 'કહાની'માં પ્રેક્ષકોએ નવાઝુદ્દીન સિદ્દીકીની નોંધ લીધી. આ ફિલ્મ પછી નાના છોકરાં પણ નવાઝુદ્દીન સિદ્દીકીને ઓળખતા થઈ ગયા. 'માંઝી-ધ માઉન્ટન મેન'માં નવાઝુદ્દીને કમાલ કરી છે. દમદાર અભિનયથી સિદ્દીકી એ દશરથ માંઝીને ફરીથી જીવતો કર્યો છે. આમ તો આ ફિલ્મ નવાઝુદ્દીન સિદ્દીકીનો એક પાત્રીય અભિનય હોય એ હદે આ અભિનેતા આપણા પર છવાઈ જાય છે.

ફગુનિયા દેવીની ભૂમિકામાં મરાઠી મુલગી રાધિકા આપ્ટે પણ અમિટ છાપ છોડી જાય છે. હિન્દી ફિલ્મોના પ્રેક્ષકો માટે રાધિકા આપ્ટે થોડું અજાણ્યું અને નવું નામ છે. હિન્દી ઉપરાંત બંગાળી, મરાઠી, તમિલ અને તેલુગુ ફિલ્મોમાં અભિનેત્રી તરીકે ઘણું કામ કરી ચુકેલી રાધિકા આપ્ટે વર્ષ ૨૦૦૫માં રાહુલ બોઝવાળી ફિલ્મ 'વાહ ! લાઈફ હો તો ઐસી' માં પહેલી વાર હિન્દી પરદે દેખાઈ હતી. રામગોપાલ વર્માની 'રક્ત ચરિત્ર' ઉપરાંત 'આઈ એમ' અને 'શોર ઈન ધ સિટી' જેવી ફિલ્મોમાં દેખાયેલી ૨૯ વર્ષીય રાધિકા આપ્ટે મૂળ પુણેની છે. પુણેના ખૂબજ જાણીતા ન્યૂરો સર્જન અને સહ્યાદ્રી હૉસ્પિટલના ચેરમેન ડૉ. ચારુદત્ત આપ્ટેની દીકરી રાધિકા આપ્ટે ફગુનિયા દેવીની ભૂમિકામાં ખૂબજ પ્રભાવશાળી અને સુંદર લાગે છે. આ ફિલ્મ થી પ્રેક્ષકો રાધિકા આપ્ટેની પણ નોંધ લેશે.

દિગ્દર્શક કેતન મહેતાના પત્ની અને 'માંઝી-ધ માઉન્ટન મેન'ના નિર્માત્રી-અભિનેત્રી દિપા શાહીએ પણ આ ફિલ્મમાં પ્રધાનમંત્રી શ્રીમતી ઈન્દિરા ગાંધીનો રોલ કર્યો છે. 'સાહિબ, બીબી ઔર ગૅન્ગસ્ટર' જેવી ફિલ્મોના દિગ્દર્શક તિગ્માન્સુ ધુલિયાએ પણ આ ફિલ્મમાં મુખીયાનો મજબૂત રોલ કર્યો છે. તમામ કલાકારોના પ્રભાવશાળી અભિનયને કારણે આ ફિલ્મ પ્રેક્ષણીય બની છે.

દિગ્દર્શક કેતન મહેતા વાસ્તવિક, ઐતિહાસિક અને અર્થસભર ફિલ્મો જ બનાવે છે. 'સરદાર', 'મંગલ પાંડે' અને 'રંગ રસિયા' જેવી ફિલ્મો આપી ચુકેલા કેતન મહેતાએ આપણી ગુજરાતી ભાષામાં 'ભવની ભવાઈ' જેવી ફિલ્મ પણ આપી છે. આપણા ગાંધીનગરમાં જ શૂટ થયેલી 'ભવની ભવાઈ'ને આપણે હજુ ભૂલ્યા નથી. મિડિયાએ ફિલ્મોમાં આર્ટ ફિલ્મ અને કૉમર્સિયલ સિનેમા એવા બે ભાગ પાડ્યા છે. કેતન મહેતા ફિલ્મો વચ્ચેના આ ભેદને તોડવા દશરથ માંઝીની જેમ મથ્યા કરે છે. કેતન મહેતાની ફિલ્મમાં સત્ય ઘટનાના દસ્તાવેજીકરણની સાથે સાથે ફિલ્મના તમામ પાસાઓની ઝીણવટભરી કાળજી પણ હોય છે. મુંબઈમાં કૉમ્પ્યુટરાઈઝ્ડ ઈફેક્ટ માટેનો 'માયા' સ્ટુડિયો અને ઈન્સ્ટિટ્યૂટ ધરાવતા કેતન મહેતાએ 'માંઝી-ધ માઉન્ટન મેન' માં કોઈ કચાસ નથી છોડી. અંજૂમ રાજાબલી અને મહેન્દ્ર જાખડ સાથે મળીને કેતન મહેતાએ જ 'માંઝી-ધ માઉન્ટન મેન'ની વાર્તા લખી છે. ફિલ્મનો સ્ક્રિન-પ્લે પણ ખૂબ મજબૂત છે. મૂળ વાર્તાની ખબર હોવા છતાં પણ પ્રેક્ષકોને ઝકડી રાખવામાં કેતન મહેતા સફળ થયા છે. આ ફિલ્મ માટે કેતન મહેતા ખરેખર અભિનંદનને પાત્ર છે.

દશરથ માંઝીના મૃત્યુ પછી બિહાર સરકારે રાજ્ય કક્ષાએ શોક જાહેર કર્યો હતો. તેમની સ્મશાન યાત્રામાં પણ લાખો લોકો ઉમટ્યા હતા. આમ છતાં વાસ્તવિક્તા એ છે કે, દશરથ માંઝી એ એકલે હાથે પહાડને ચીરવાનું કામ શરૂ કર્યું તેના ૫૨ વર્ષ પછી... દશરથ માંઝીએ માર્ગ કાઢી લીધા પછી ૩૦ વર્ષે અને દશરથ માંઝીના મૃત્યુ પછી ચોથા વર્ષે બિહાર સરકારે વર્ષ ૨૦૧૧માં ગૅહલોરથી વઝીરગંજ સુધીનો પાકો રસ્તો બનાવ્યો છે. 'માંઝી-ધ માઉન્ટન મેન'ના ધ એન્ડ પહેલાં કેતન મહેતાએ આ વાતનો પણ ઉલ્લેખ કર્યો છે.

ઈન્ટરનેટ પર 'માંઝી-ધ માઉન્ટન મેન'ની પ્રિવ્યૂ પ્રિન્ટ છેક ૧૪મી જુલાઈએ લીક થઈ ગઈ હતી. એક વૅબસાઈટ પરથી કેટલાય લોકોએ આ ફિલ્મ ડાઉનલૉડ કરી લીધી છે. એટલે કૉમર્શિયલી આ ફિલ્મ કદાચ સફળ ન પણ થાય છતાં સિનેમાના વિશાળ પરદે આ ફિલ્મ જોવાની મજા જ કંઈ ઔર છે.

'માંઝી-ધ માઉન્ટન મેન' અર્થસભર સિનેમાના ચાહકોને તો ગમશે જ પરંતુ મુખ્યધારાની મનોરંજક ફિલ્મો જ જોવા ટેવાયેલા પ્રેક્ષકોને પણ ચોક્કસ ગમશે. કેતન મહેતાએ દશરથ માંઝીને ભારતીય રિયલ સુપરમેન તરીકે પ્રસ્તુત કર્યા છે. 'માંઝી-ધ માઉન્ટન મેન' પ્રેમીઓને પ્રેમ કેટલો અને કેવો હોવો જોઈએ એની પણ પ્રેરણા આપે છે. સમાજે પ્રેરણા જ લેવી હોય તો ક્યાંય દૂર જવાની જરૂરજ નથી. દશરથ માંઝી જેવા અનેક પાત્રો આપણી આસપાસ જ છે.

